# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080 **સોમવાર ૨ માર્ચ, ૨૦૨૬**



## સંક્ષિપ્ત સમાચાર

### લિટલ ફલવાર સ્કૂલમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી



દાહોદ : દાહોદ લોક વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી Little Flowers School ખાતે આજ રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. કાર્યક્રમ દરમિયાન દાહોદ જિલ્લાના 10 અલગ-અલગ શાળાઓએ નવીન પ્રોજેક્ટ સાથે વૈજ્ઞાનિક પ્રદર્શન (Exhibition) રજૂ કર્યું હતું. વિદ્યાર્થીઓએ વિજ્ઞાન આધારિત સર્જનાત્મક અને પ્રયોગાત્મક મોડેલો રજૂ કરી સૌનું ધ્યાન આકર્ષ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન *શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ* Kamlesh Limbachiya સાહેબ (R | L Pandya High School) ને આપવામાં આવ્યો હતો. તેમજ *શ્રેષ્ઠ શાળા એવોર્ડ* Delsar Prathmik Shala ને એનાયત કરવામાં આવ્યો હતો.

### ડભોઇ ખાતે તમાકુ વાગા મેદાનમા વિરાટ હિંદુ સંમેલનનુ આયોજન



ડભોઈ : હાલ મા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે કે સંઘની સ્થાપનાને 100 વર્ષ થયાં હોઈ સમગ્ર ભારત મા હિંદુ સંમેલન સહીત ના કાર્યક્રમ થઈ રહ્યા છે. જે અંતર્ગત આજરોજ ડભોઈની મહાવીર વસ્તી ખાતે તમાકુવાગા મેદાન ખાતે હિંદુ સમાજ દ્વારા વિરાટ હિંદુ સંમેલનનુ આયોજન કરવામા આવેલ. જેમાં મુખ્ય વક્તા તરીકે અખિલ ભારતીય સંત સમિતિ ના પૂ. માનસરોવર બાપુ તથા ભરૂચ નર્મદા કોલેજ ના પ્રોફેસર એવા વિજયભાઈ શાહ ઉપસ્થિત રહેલ. સંમેલનમા વક્તાઓ દ્વારા વર્તમાન સમયમા સનાતન ધર્મની જરૂરિયાત અને સનાતન ધર્મ ની તાકાત ઉપર વાત કરવા મા આવી હતી. વધુમા એવુ પણ ખાસ જણાવેલ કે વિશ્વ મા અરાજકતા અને અસલામતીના સમયમા એક સનાતન ધર્મ જ એવો આશ્રય છે કે જે વિશ્વ ને માર્ગદર્શન પૂરું પાડી શકે છે.

### જાંબુઘોડા પોલીસે તેરા તુજકો અર્પણ અંતર્ગત ચોરાયેલા મોબાઈલો શોધી માલિકોને પરત કર્યા



જાંબુઘોડા : જાંબુઘોડા પોલીસ સ્ટેશન ની હદ વિસ્તાર માં થી ચોરી થયેલા મોબાઈલ ની ફરિયાદ જાંબુઘોડા પોલીસ મથકે અરજી ઓ આવી હતી જેના અનુસંધાને પંચમહાલ રેંજના પોલીસ મહાનિરીક્ષક તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક સહિત અધિકારીઓ ના માર્ગદર્શન હેઠળ જાંબુઘોડા પી.આઈ. બુટિયા અને તેમની ટીમ દ્વારા ગુમ થયેલા મોબાઈલો શોધી કાઢવા માટે ટેકનિકલ માહિતી મેળવી જાંબુઘોડા તાલુકા માં થી અલગ અલગ જગ્યા એ થી ગુમ થયેલા છ જેટલા મોબાઈલ જેની કિંમત 85000 જેટલી કિંમત ના છ જેટલા મોબાઈલ શોધી કાઢી મૂડ માલિકો ને બોલાવી તેરા તુજકો અર્પણ કરવામાં હતા આ સાથે મોબાઈલ ના મૂડ માલિકો ને પોતાના મોંઘા મોબાઈલ જાંબુઘોડા પોલીસે શોધી પરત અપાવતા મોબાઈલ ના માલિકો દ્વારા જાંબુઘોડા પોલીસ નો આભાર વ્યક્ત કર્યો હતો

### નસવાડીના બરોલી વસાહતમાં જવાનો માર્ગ બિસમાર, નવો બનાવવા માંગ ઉઠી



નસવાડી : નસવાડી તાલુકાના બરોલી વસાહત માં 300 થી વધુ લોકો ની વસ્તી છે અસરગ્રસ્તો ને જ્યારે વસાવવામાં આવ્યા ત્યારે ડામર રસ્તો બનાવ્યો હતો તેને પણ 25 વર્ષ નો સમય થઈ ગયો છે જે તે વખતે ડામર રસ્તો બન્યો હતો તે રસ્તો ઘસાઈ અને જર્જરિત થઈ ની તૂટી ગયો છે m હાલ આ રસ્તા માંથી મેટલ બહાર આવી રહ્યા છે અને આ મેટલ ઉપર થી જ્યારે વાહનો પસાર થાય ત્યારે આ મેટલ ટાયર માં ઘૂસી જાય જેના કારણે અને વાહનો ના ટાયર પંચર પડી જાય છે જ્યારે નર્મદા ડેમ બનાવવામાં જેમણે પોતાની જમીનો આપી તેઓને હાલ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો જ્યારે રસ્તા જેવી પ્રાથમિક સુવિધા પણ નર્મદા નિગમ દ્વારા ના આપવામાં આવતા હાલ તો લોકો દુઃખ ભોગવી રહ્યા છે

---

**એકસાથે 50 થી 60 ના ટોળા દ્વારા હિંસક હુમલો કરાતા પંથકમાં ચકચાર મચી**

# દાહોદ કસ્બા ખાતે ગૌરક્ષક ટીમ પર જીવલેણ હુમલો, પોલીસ નિષ્ક્રિય

**જિલ્લામાં વારંવાર ગૌરક્ષકો પર હુમલા થતા પોલીસની કાર્યવાહી પર શંકા**



(પ્રતિનિધિ) દાહોદ, તા.1
ગત રાત્રે ગોરક્ષક ટીમને બાતમી મળી હતી કે બારીયાના સાલીયા ગામ થી પીકપ ગાડી માં કતલના ઈરાદે પશુધન લઈ જવાના છે તેને લઈને ગૌરક્ષક ટીમ અને પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન સાથે તૈયારી હતી ત્યારે પીકપ ગાડી GJ 20X 7030 રોકવામાં આવતા તે ગાડી ભગાડી લઈને દાહોદના કસબા તરફ લઈને ભાગ્યો હતો ત્યારે તેની પાછળ ગોરક્ષક ટીમ અને પોલીસ પણ દોડી ગઈ હતી ત્યારે ત્યાં પહોંચતા ની સાથ જ મુસ્લિમ સમુદાયના 50 થી 60 ના ટોળા દ્વારા નાની ઉમરના છોકરાઓ થી લઈને યુવાનો દ્વારા ગૌરક્ષકો અને પોલીસ ઉપર ઈંટ પથ્થર અને લાકડીઓ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે પોલીસ ત્યાંથી ગૌરક્ષકોની ટીમને જીવ જોખમ મા મૂકી ભાગી છૂટી હતી જેમાં બે ગોરક્ષકોને ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે હાલમાં એકને ઝાયડસ હોસ્પિટલ અને એક પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યા છે. ટોળા દ્વારા scorpio અને બાઈકને પણ નિશાન બનાવી ક્ષતિ ગ્રસ્ત કરવામાં આવી હતી. જિલ્લાની અંદર વારંવાર ગૌરક્ષકો પર હુમલા કરવામાં આવે છે ત્યારે હવે આ મુદ્દે પોલીસ શું કાર્યવાહી કરશે તે જોવું રહ્યું.

---

**ભથવાડા ટોલનાકા પર પીપલોદ પોલીસની મોટી કાર્યવાહી**

## ભુસીના થેલાઓમાં છુપાવેલો રૂ.1.11 કરોડનો વિદેશી દારૂ ઝડપાયો



**હોળી પહેલાં બુટલેગરોને ઝાટકો, ટ્રક ચાલકની અટકાયત**

(પ્રતિનિધિ) દેવગઢબારીઆ, તા.1
હોળી તહેવારને ધ્યાનમાં રાખી બુટલેગરો દ્વારા મોટા પાયે દારૂની હેરાફેરી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. ટ્રકમાં ઉપરથી ભુસીના થેલાઓ ભરી દારૂ સંતાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે કુલ 37,440 બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો, જેની અંદાજીત કિંમત આશરે રૂ. 1.01 કરોડ થાય છે. પોલીસે દારૂનો જથ્થો ઉપરાંત ટ્રક સહિત કુલ રૂ. 1,11,09,300 રૂપિયાનું મુદ્દામાલ કબ્જે કર્યું છે. આ કાર્યવાહીથી હોળી પહેલાં દારૂ સપ્લાય કરવાનો બુટલેગરોનો પ્લાન નિષ્ફળ ગયો છે. પોલીસે ટ્રકના ચાલકની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. દારૂ કોને પહોંચાડવાનો હતો, પાછળ કોનું નેટવર્ક કામ કરી રહ્યું છે તે બાબતે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

---

**પાછલા કેટલાક વર્ષોથી આ રોડની ખસતા હાલત હતી**

## વેજલપુર થી ચલાલી રોડ નવીન બનાવવાની કામગીરી શરૂ કરાઈ




( પ્રતિનિધિ )કાલોલ,તા.1
કાલોલ તાલુકાના ચલાલી ગામને વેજલપુર થી ચલાલી ગામને જોડતો મુખ્ય માર્ગ કરોડો રૂપિયાના ખર્ચે નવીન બનાવવાની કામગીરી શરૂ કરતાં કહી ખુશી કહી ગમ નો માહોલ જોવા મળ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી નવીન રોડ બનવાની રાહ જોતા રાહદારી ઓનો અંત આવ્યો તો ખરો તો બીજી તરફ વરસાદી પાણી ના નિકાલ માટે નાળુ બનાવવાની કામગીરી બંધ કરતા ખેડૂતો નારાજ વર્ષોથી ખખડધજ બનેલ રોડ થી વાહન ચાલકો બિસમાર રોડ થી હેરાન પરેશાન થઈ ગયા હતા બીજી તરફ વેજલપુરના ખેડૂતો પણ ચોમાસાની ઋતુમાં વરસાદી પાણીનો નિકાલ ન હોવાથી ખેતરોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાતી હતી જેને લઈ ખેતી કરવામાં ખેડૂતો ને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જેને લઈ ખેડૂતો દ્વારા મૌખિક રજૂઆત કરવામાં આવી હતી કે વરસાદી પાણી નિકાલ માટે વર્ષો પહેલા ત્યાં નાળુ હતું તે અગાઉ બંધ કરવામાં આવ્યું હતું જેના કારણે ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ છે ખેતી કરવામાં ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે જે અંગે અગાઉ પણ ૨૦૨૩ માં પણ ખેડૂતો દ્વારા વરસાદી પાણી ના નિકાલ માટે લેખિત રજૂઆત કરવામાં આવી હતી તેમ છતાં આજદિન સુધી વરસાદી પાણી નો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો ન હતો જેથી ખેડૂતો નારાજ થયા હતા અને હાલ કરોડો રૂપિયા ના ખર્ચે નવીન રોડ બનાવવાની કામગીરી શરૂ કરતાં પેહલા રોડ ઉપર સીમેન્ટ ની પાઈપો નાખી નાળા ની કામગીરી શરૂ કરાઈ હતી જેથી લોકોને રાહત મળશે.

---

**અજાણ્યા ચોર ઇસમો ચોરીને અંજામ આપી ફરાર**

## સુખસરમાં સોના-ચાંદીની બંધ દુકાનની દિવાલમાં બાકોરૂ પાડી 2.60 લાખની ચોરી



( પ્રતિનિધિ )સુખસર,તા.1
સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે રહેતા પ્રવીણભાઈ ઓચ્છવલાલ પંચાલ પંચાલ ફળિયામાં રહે છે અને સુખસરના બસ સ્ટેશન વિસ્તારમાં માર્કેટ યાર્ડની સામે અમન શોપિંગ સેન્ટરમાં સોના ચાંદીની દુકાન ધરાવે છે.જેઓ રોજની જેમ શનિવારના રોજ સાંજના સાડા છ વાગ્યાના અરસામાં દુકાન બંધ કરી તાળા મારી તેમના રહેણાંક મકાન ઉપર જતા રહ્યા હતા ત્યારબાદ આજરોજ સવારના આઠેક વાગ્યાના અરસામાં દુકાન ઉપર આવી દુકાનનું શટલ ખોલી જોતા દુકાનની પાછળના ભાગે દિવાલમાં મોટું બકોરૂ પડેલું જોવા મળેલ.જ્યારે દુકાનમાં તપાસ કરતા રોજમેળ તથા હિસાબના ચોપડાઓ જોવા મળ્યા ન હતા.તેમજ સોનાની ચુની તથા વાળીનું આશરે એક તોલાના સોનાનું બોક્સ તથા આશરે 300 ગ્રામ વજનના ચાંદીના વીછુડી તથા વીંટીનું બોક્સ પણ ગાયબ હોવાનું જણાયેલ. તેમજ દુકાનમાં રાખવામાં આવેલ ગેસ બોટલ પણ જોવા નહીં મળતા દુકાનમાં ચોરી થઈ હોવાનુ જણાઈ આવેલ.તેમજ દુકાનમાં રાખવામાં આવેલ રોજ મેળના ચોપડા તથા હિસાબના ચોપડા પણ જોવા નહીં મળતા સુખસર પોલીસને જાણ કરવામાં આવી હતી.તેથી પોલીસ તાત્કાલિક બનાવના સ્થળે જઈ તપાસ કરી હતી.જ્યારે શોપિંગ સેન્ટરની પાછળ આવેલ ખારી નદી બાજુ તપાસ કરતા હિસાબના ચોપડા ચોર લોકોએ બાળી મુકતા બળેલી હાલતમાં જણાઈ આવ્યા હતા.જ્યારે રોજમેળનો ચોપડો નદીના પાણીમાંથી મળી આવ્યો હતો. સોના-ચાંદીના દાગીનાની ચોરી થતા આશરે 2.60 લાખ રૂપિયાનુ નુકસાન પહોંચવા પામેલ હોવા બાબતે ચોરીનો ભોગ બનેલા દુકાનદાર દ્વારા સુખસર પોલીસમાં લેખિત ફરિયાદ આપવામાં આવી છે.

---

**હાલોલ તાલુકાના ચાંપાનેર ગામમાં પોલીસ ત્રાટકી**

## ગાંજાની ગેરકાયદેસર ખેતીનો પર્દાફાશ કરી 6.91 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



(પ્રતિનિધિ) હાલોલ, તા.1
હાલોલ તાલુકાના પાવાગઢ (ચાંપાનેર) ગામમાં ગાંજાની ગેરકાયદેસર ખેતી સામે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ચોક્કસ બાતમીના આધારે પાવાગઢ પોલીસ અને એસ.ઓ.જી. (SOG) ટીમે સંયુક્ત રીતે દરોડો પાડી પાવાગઢના કુંભાર ફળિયા વિસ્તારમાં આવેલા એક મકાનની પાછળના વાડાની તપાસ કરી હતી. તપાસ દરમિયાન ત્યાં ગાંજાની ખેતી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. સરકારી પંચોની હાજરીમાં વાડામાંથી કુલ 13.820 કિલોગ્રામ લીલા ગાંજાના છોડ જપ્ત કરવામાં આવ્યા હતા. એફ.એસ.એલ. અધિકારી દ્વારા પરીક્ષણ કર્યા બાદ જપ્ત કરાયેલો માલ ગાંજો હોવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે. જપ્ત કરાયેલા ગાંજાની અંદાજિત કિંમત રૂપિયા 6,91,000 હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસે સ્થળ પરથી શંકરભાઈ પાનાલાલ પરમારની અટકાયત કરી હતી અને તેમના વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ આરોપી સામે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

જિલ્લામાં નશીલા પદાર્થોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે પોલીસ તંત્ર દ્વારા સતત કડક દેખરેખ રાખવામાં આવી રહી છે અને આવી પ્રવૃત્તિઓ સામે જરૂરી કાયદેસરની કાર્યવાહી ચાલુ રહેશે તેમ પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે.

---

**નસવાડીના છેવાડા ગામમાં વિકાસનો અભાવ ઉઘાડો પડ્યો**

## કુપ્પા ગામની સગર્ભાને પ્રસૂતિના દુઃખાવા વચ્ચે 2 કિમી કાચા રસ્તે સ્ટ્રેચરમાં ઉચકી લઈ જવી પડી



(પ્રતિનિધિ) નસવાડી, તા.1
નસવાડી તાલુકાના ડુંગરાળ અને છેવાડા વિસ્તારમાં આવેલ કુપ્પા ગામમાં વિકાસના દાવાઓ ફરી એકવાર ખોખલા સાબિત થયા છે. આઝાદી બાદના વર્ષો પસાર થયા છતાં આજે પણ કુપ્પા ગામ સુધી પહોંચવા માટે પાકા રસ્તાની સુવિધા નથી, જેના કારણે એક સગર્ભા મહિલાને જીવના જોખમે સારવાર સુધી પહોંચાડવાની કરૂણ ઘટના સામે આવી છે. કુપ્પા ગામની રમીલાબેન દિનેશભાઈ ડુંગરાભીલ, જેઓ પ્રથમવાર સગર્ભા હતી, તેમને અચાનક પ્રસૂતિના દુઃખાવા ઉપડતા ઘરે જ પ્રસૂતિ થઈ ગઈ હતી અને બાળકને જન્મ આપ્યો હતો. પ્રસૂતિ બાદ માતા અને નવજાત શિશુની તબિયત વધુ લથડતાં તેમને દુગ્ધા સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લઈ જવાની ફરજ પડી.

પરંતુ કુપ્પા ગામ સુધી 108 એમ્બ્યુલન્સ પહોંચી શકતી ન હોવાથી, પરિવારજનો અને ગ્રામજનોએ રાત્રિના સમયે બેટરીના અજવાળા વચ્ચે સગર્ભા મહિલાને સ્ટ્રેચરમાં ઉચકી બે કિલોમીટર કાચા અને ઢાળવાળા રસ્તે પગપાળા ચાલીને સાકડીબારી ગામે ઉભેલી 108 એમ્બ્યુલન્સ સુધી મહામુસીબતે પહોંચાડ્યા હતા. પ્રસૂતિ બાદના તીવ્ર દુઃખાવામાં મહિલા કણસતી હતી, જ્યારે અંધારા, પથ્થરોથી ભરેલા રસ્તા અને ખભા પરના ભારે વજનને કારણે યુવાનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે તંત્રના જવાબદાર અધિકારીઓ રાત્રીની નિંદ્રા માણી રહ્યા હતા, ત્યારે આ પરિવાર પ્રસૂતિ વાળી મહિલાને જીવના જોખમે લઈ જઈ રહ્યો હતો. દુગ્ધા ખાતે હાલ મહિલા અને બાળકને સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા છે.

---

# દાહોદ-પંચમહાલ-છોટાઉદેપુર જિલ્લામાં જામી મેળાઓની મોસમ

### દાહોદમાં હોળી પૂર્વે ગુંજી ઉઠ્યો આદિવાસી ઢોલ મેળો



(પ્રતિનિધિ) દાહોદ, તા.1
હોળી પૂર્વે પરંપરા અને સંસ્કૃતિનો અનોખો ઉત્સવ દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો હોવાથી અહીં હોળી પર્વને વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ પ્રાપ્ત છે. આ પરંપરાને જળવાઈ રાખવા અને હોળીની આગવી ઓળખ ઉજાગર કરવા માટે શનિવારે દાહોદ શહેરના પરેલ ગ્રાઉન્ડ ખાતે ભીલ સમાજ સુધારણા મંડળ દ્વારા ભવ્ય આદિવાસી ઢોલ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવા અને તેની જાળવણી માટે આવા કાર્યક્રમો અત્યંત જરૂરી છે.

### ગરબાડામાં ગલાલીયા હાટનો મેળો ભરાતા માનવ મહેરામણ ઉમટ્યું



(પ્રતિનિધિ) ગરબાડા, તા.1
દાહોદ જિલ્લામાં વસતા આદિવાસી સમાજ માટે હોળી તહેવાર વર્ષનો સૌથી મહત્વનો અને આતુરતાથી રાહ જોવાતો તહેવાર માનવામાં આવે છે. રાજ્યના વિવિધ શહેરોમાં મજૂરી કે રોજગાર માટે ગયેલા લોકો હોળી પૂર્વે પોતાના માદરે વતન પરત ફરી પરિવાર સાથે તહેવાર ઉજવતા હોય છે દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાં હોળી પૂર્વે ભરાતો છેલ્લો હાટ "ગલાલિયા હાટ" તરીકે ઓળખાય છે. આ હાટ આદિવાસી સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ માનવામાં આવે છે. હોળીના અઠવાડિયા પહેલા ભરાતા આ વિશેષ હાટમાં આજુબાજુના ગામોમાંથી લોકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

### જેતપુર પાવીના બારાવાડ ગામેં અગિયારનો લોકમેળો આસ્થાનુ કેન્દ્ર



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.1
છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવીના બારાવાડ ગામેં પાવાગઢના મહાકાળી ના મોટા બહેન તેલાઈ માતા મંદિરે ફાગણ સુદ અગિયારસના દિવસે ધાર્મિક આસ્થા સાથે નવા ધાન્ય પાકો ધરાવવાની માન્યતા સાથે ભવ્ય લોક મેળો યોજાય છે જેતપુર પાવી તાલુકાના બારાવાડ ગામે સદીઓ જૂનો તેલાઈ માતાના મંદિરે દર વર્ષે ફાગણ સુદ અગિયારસ ના દિવસે ધાર્મિક માન્યતા સાથે નવા ધાન્ય પાકો ધરાવવાની માન્યતા સાથે લોક મેળો યોજાય છે, જે મેળામાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સુધીના ભક્ત ભાવિકો તેલાઈ માતા ના મંદિર સામે સ્નાન કરી ડુંગર પર આવેલ તેલાઈ માતા ના દર્શન કરે છે,